# લિબર્ટી પેપરસેટ

**ધોરણ 10 : સામાજિક વિજ્ઞાન**

**Full Solution**

**સમય : 3 કલાક** **અસાઈનમેન્ટ પ્રશ્નપત્ર 4**

## વિભાગ A

**1.** (B), **2.** (C), **3.** (D), **4.** (A), **5.** (F), **6.** × (ખોટું), **7.** × (ખોટું), **8.** ✓ (સાચું), **9.** ✓ (સાચું), **10.** × (ખોટું), **11.** પાટણ, **12.** 1952, **13.** 1882, **14.** તાપી, **15.** પ્રથમ, **16.** (C) વાયુ પ્રદૂષણ, **17.** (B) ત્રણ, **18.** (D) 90.8%, **19.** (C) શ્રમ, **20.** (D) ખેતી, **21.** પાવાગઢ, સાપુતારા, અંબાજી, **22.** રાષ્ટ્રીય ધોરીમાર્ગ-44, **23.** 4 **24.** રશિયા, ચીન

Liberty

**વિભાગ B**

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૨ ગુણ)**

25. પ્રાકૃતિક વારસામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે. જણાવો.

➥ પ્રકૃતિ, પર્યાવરણ અને માનવજીવન વચ્ચેના નિકટતમ સંબંધોનું પરિણામ એટલે પ્રાકૃતિક વારસો.

➥ પ્રાકૃતિક વારસામાં ઊંચા પર્વતો, નદીઓ, ઝરણાં, લાંબા દરિયાકિનારા, વિશાળ ફળદ્રુપ મેદાનો, ખીણપ્રદેશો, રણોનો સમાવેશ થાય છે.

➥ ઉપરાંત વૃક્ષો, વનસ્પતિ, જીવજંતુઓ વન્ય જીવો, વૈવિધ્યપૂર્ણ ભૂમિદૃશ્યો, વિવિધ ખડકો અને ખનીજોનો સમાવેશ પણ પ્રાકૃતિક વારસામાં થાય.

➥ આમ, પ્રાકૃતિક વારસો એ કુદરતે આપેલી અણમોલ ભેટ છે.

26. ભારતની રાષ્ટ્રમુદ્રામાં કયાં કયાં પ્રાણીઓની આકૃતિઓ છે?

➥ ભારતની રાષ્ટ્રમુદ્રામાં ચાર સિંહ, ઘોડા, હાથી અને બળદની આકૃતિઓ છે.

27. 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ' - આ કહેવતને કોની સાથે સરખાવેલ છે, તેનું નામ જણાવી વર્ણન કરો.

➥ ગુજરાતમાં સોલંકી યુગના સુવર્ણકાળ દરમિયાન પાટણમાં અનેક સાળવીઓ આવીને વસ્યા.

➥ 

➥ તેમની આવડત અને કૌશલ્યને કારણે પાટણનાં પટોળાં વિશ્વભરમાં જાણીતાં બન્યાં.

➥ અત્યંત અટપટી, જટિલ અને સમય માંગી લેતી આ કલા 850 વર્ષ કરતાં પણ પ્રાચીન છે.

➥ પાટણમાં બનતા રેશમી વસ્ત્ર 'બેવડ ઇક્ત' (ઇક્ત-વણાટ)ને પટોળાં તરીકે ઓળખવામાં આવે છે, જેમાં બંને બાજુ એક જ ભાત દેખાતી હોઈ બંને બાજુ પહેરી શકાય છે.

➥ પટોળાં વર્ષો સુધી ટકે છે અને તેનો રંગ પણ જતો ન હોવાથી 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ' – એ કહેવત પણ પ્રચલિત છે.

28. નીચે આપેલા શબ્દોનો પરિચય આપો.
(1) ફુમીન (2) ગરબા

➥ (1) ફુમીન

➥ મણિપુરી નૃત્ય વખતે રેશમનો બ્લાઉઝ પહેરીને કમરે પટ્ટો બાંધવામાં આવે છે તથા નીચે ઘેરદાર લીલા રંગનો ચણિયો પહેરવામાં આવે છે. તે ઘેરદાર લીલા રંગના ચણિયાને 'ફુમીન' તરીકે ઓળખવામાં આવે છે.


➥ (2) ગરબા

➥ ગરબો શબ્દ 'ગર્ભદીપ' ઉપરથી બન્યો છે.

➥ માટીના ઘડાને કોરાવીને તેમાં દીવો મૂકવો અને એની ચોમેર કે તેને માથે મૂકી ગોળાકારી નૃત્ય કરવું તે ગરબો.

29. નીચે આપેલા ભારતના નકશાના આધારે ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં આવેલાં સાંસ્કૃતિક વારસાનાં સ્થળોની યાદી બનાવો.

Liberty




➡ ગુજરાતમાં આવેલાં સાંસ્કૃતિક વારસાનાં સ્થળો :

- રાણીની વાવ – પાટણ
- ચાંપાનેર – પાવાગઢ

➡ મહારાષ્ટ્રમાં આવેલાં સાંસ્કૃતિક વારસાનાં સ્થળો :

- અંજતા-ઇલોરાની ગુફાઓ
- એલિફન્ટાની ગુફાઓ

➡ ઉત્તર પ્રદેશમાં આવેલાં સાંસ્કૃતિક વારસાનાં સ્થળો :

- તાજમહાલ
- આગ્રાનો કિલ્લો

30. ગોવાનાં દેવળો વિશે સમજૂતી આપો.

➡ પોર્ટુગીઝો સાથે ખ્રિસ્તી ધર્મના ધર્મગુરુઓ પણ ભારતમાં આવ્યા.

➡ ગોવા પોર્ટુગીઝોની રાજધાની હતી. તેથી અહીં બેસાલિકા ઓફ બોમ જિસસ કે બેસાલિકા ઓફ ગુડ જિસસ દેવળ જૂના ગોવામાં આવેલું છે.

➡ અહીં સેન્ટ ફ્રાન્સીસ ઝેવિયર્સનો પાર્થિવ દેહ સાચવીને મુકાયો છે. અને ઘણાં વર્ષો પછી પણ તેમનો પાર્થિવ દેહ વિકૃત થયો નથી.

➡ આ ઉપરાંત ગોવામાં અનેક ચર્ચ (દેવળ) આવેલાં છે.

➡ ગોવા તેના રમણીય દરિયાકિનારા માટે પણ જાણીતું છે.

31. જૈવ આરક્ષિત ક્ષેત્રો એટલે શું ? વિગતે સમજૂતી આપો.

➡ જૈવ આરક્ષિત ક્ષેત્રોની રચના આંતરરાષ્ટ્રીય માપદંડ મુજબ પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વિવિધતાનું સંરક્ષણ કરવાના હેતુથી થાય છે.

➡ આવાં ક્ષેત્રોની વનસ્પતિ જીવજંતુઓ અને માનવ સમુદાયની જીવનશૈલીનું પણ સંરક્ષણ કરે છે.

- અહીં જૈવ વૈવિધ્ય બાબતે સંશોધન અને પ્રશિક્ષણ માટેની ખાસ સવલતો ઊભી કરાય છે, પરંતુ બહારની માનવીય ગતિવિધિ પર સંપૂર્ણપણે પ્રતિબંધ હોય છે.
- આ ક્ષેત્રનો સરેરાશ વિસ્તાર લગભગ 5000 ચો કિમીથી મોટો હોય છે.
- નીલગિરિ, મન્નારની ખાડી, ગ્રેટ નિકોબાર, સુંદરવન, પચમઢીએ મુખ્ય જૈવ આરક્ષિત ક્ષેત્રો છે.
- ગુજરાતમાં કચ્છના રણને વિશિષ્ટ પરિસ્થિતિના સંરક્ષણ હેતુસર 2008ની સાલમાં જૈવ આરક્ષિત ક્ષેત્ર ઘોષિત કરવામાં આવ્યું છે.

32. તાંબાના ઉપયોગો જણાવો.

- તાંબું એ માનવીને સૌપ્રથમ ઉપયોગમાં આવેલી ધાતુ છે.
- તાંબામાં અન્ય ધાતુ સાથે મિશ્રણ થવાના ગુણધર્મ છે. તેથી તેનું મહત્ત્વ અને ઉપયોગ વધી જાય છે.
- તાંબામાં કલાઈ ઉમેરવાથી કાંસું બને છે અને જસત ઉમેરવાથી પિત્તળ બને છે. ઉપરાંત સોના-ચાંદીનાં આભૂષણો બનાવવા ઉપયોગ થાય છે.
- આ ઉપરાંત તાંબાનો ઉપયોગ વીજળીનાં સાધનો, ટેલિફોન, રેડિયો, ટેલિવિઝન, રેફ્રિજરેટર અને એરકંડિશનર વગેરે બનાવવામાં વપરાય છે.
- તાંબું વિદ્યુતની સુવાહક હોવાથી ઇલેક્ટ્રોનિક ઉપકરણમાં વિશેષ ઉપયોગ થાય છે.
- તાંબું જંતુનાશક દવાઓ, સ્ફોટક પદાર્થો, રંગીન કાચ, સિક્કા, વાસણો અને છાપકામમાં પણ વપરાય છે.

33. ભારતમાં લોખંડનાં મુખ્ય પ્રાપ્તિસ્થાનો જણાવો.

- ભારતમાં સૌથી વધુ લોખંડ કર્ણાટક રાજ્યમાંથી મળે છે. તેના પછી ક્રમશઃ ઓડિશા, ઝારખંડ, છત્તીસગઢ અને આંધ્ર પ્રદેશમાંથી પ્રાપ્ત થાય છે.
- આ ઉપરાંત ગોવા, રાજસ્થાન, તમિલનાડુ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, કેરલ, ઉત્તર પ્રદેશ અને અસમ વગેરે રાજ્યોમાંથી લોખંડ મળે છે.

34. મને ઓળખો :

(1) મને ભારતની 'સિલિકોન વેલી' કહે છે.

(2) મને સનરાઇઝ ઇન્ડસ્ટ્રિઝ (Sunrise Industries) પણ કહે છે.

- (1) મને ભારતની 'સિલિકોન વેલી' કહે છે. - બેંગલૂરુ
- (2) મને સનરાઇઝ ઇન્ડસ્ટ્રિઝ (Sunrise Industries) પણ કહે છે. - પ્લાસ્ટિક ઉદ્યોગ

35. મુંબઈ અને અમદાવાદમાં સુતરાઉ કાપડ ઉદ્યોગ કેન્દ્રિત થયો છે. - સમજાવો.

- સુતરાઉ કાપડના વિશ્વમહાનગર તરીકે જાણતા મહારાષ્ટ્રના મુંબઈમાં ઘણી સુતરાઉ કાપડની મિલો છે. મુંબઈમાં જ સૌપ્રથમ કાપડની મિલ સ્થપાઈ હતી. ત્યારબાદ ગુજરાતમાં અમદાવાદમાં શાહપુર મિલ તથા કેલિકો મિલ સ્થપાઈ.
- સસ્તો કપાસ, શ્રમિકોની ઉપલબ્ધિ, પરિવહન સુવિધા, નિકાસ માટેનાં બંદરો તથા બજારક્ષેત્રની અનુકૂળતાના કારણે મુંબઈ અને અમદાવાદમાં કાપડની અનેક મિલો સ્થપાઈ.
- ગુજરાતમાં અમદાવાદને 'પૂર્વનું માન્ચેસ્ટર' તથા 'ડેનિમ સિટી ઓફ ઇન્ડિયા' પણ કહે છે.
- આમ, મુંબઈ અને અમદાવાદમાં સુતરાઉ કાપડ ઉદ્યોગ કેન્દ્રિત થયો છે.

36. લઘુમતીઓનાં કલ્યાણ અને વિકાસ માટેની બંધારણીય જોગવાઈઓ જણાવો.

- લઘુમતીઓનાં હિતો અને તેમનાં કલ્યાણ અને વિકાસ માટે રાષ્ટ્રીય લઘુમતી પંચની રચના કરવામાં આવી છે.
- ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર અંતર્ગત લઘુમતી વર્ગ પોતાના ધર્મનો પ્રચાર અને પ્રસાર અને પ્રોત્સાહન માટેના પ્રયત્નો કરી શકે છે.
- કોઈ પણ શિક્ષણ સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપી શકાતું નથી, તેમજ બળજબરીપૂર્વક ધર્માંતરણ કરાવી શકાતું નથી.
- સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર દ્વારા લઘુમતીઓ પોતાની લિપિ અને સંસ્કૃતિઓનું રક્ષણ કરી શકે છે.
- કોઈ પણ સરકારી શૈક્ષણિક સંસ્થામાં જાતિ, ધર્મ કે ભાષાને આધાર બનાવી પ્રવેશથી વંચિત કરી શકાતા નથી.
- લઘુમતીઓનાં બાળકો માતૃભાષામાં શિક્ષણ મેળવી શકે તે માટે શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી અને ચલાવી શકે છે.

37. નક્સલવાદી આંદોલન વિશે સમજૂતી આપો.

- ચીનમાં 'માઓ-ત્સે-તુંગ'ના નેતૃત્વ નીચેની ક્રાંતિથી પ્રેરણા મેળવી ભારતમાં આંદોલનની શરૂઆત થઈ.
- ભારતમાં સૌપ્રથમ આ આંદોલનની શરૂઆત ઈ.સ. 1967માં પશ્ચિમ બંગાળના નક્સલબારી ગામથી થઈ એટલે તે નક્સલવાદી આંદોલન તરીકે ઓળખાય છે.
- પશ્ચિમ બંગાળથી આ આંદોલનનો છત્તીસગઢ, ત્રિપુરા, કેરલ, મધ્ય પ્રદેશ, ઝારખંડના પહાડી અને જંગલવિસ્તારમાં પ્રારંભ થયો.
- આ આંદોલનમાં મુખ્ય બે સંગઠનો છે :

  (1) PWG – પિપલ્સ વોર ગ્રૂપ,

  (2) MCC – માઓવાદી સામ્યવાદી સંગઠન.

Liberty

## વિભાગ C

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ)**

38. પ્રકરણ-3ના આધારે એક કોષ્ટક આપેલ છે. આ નમૂના મુજબ ઉત્તરવહીમાં કોષ્ટક બનાવીને માગ્યા મુજબ ગુજરાતના શિલ્પ-સ્થાપત્યના સ્થળો નામ સાથે ત્રણ ક્રમ સુધી યાદી બનાવીને લખો.

➡

| ક્રમ | ગુજરાતનાં મંદિરો | સ્થળ |
|---|---|---|
| 1. | ભદ્રકાળી મંદિર | અમદાવાદ |
| 2. | રણછોડરાયજી મંદિર | ડાકોર |
| 3. | સૂર્યમંદિર | મોઢેરા |

➡

| ક્રમ | ગુજરાતનાં જૈન મંદિરો | સ્થળ |
|---|---|---|
| 1. | પંચાસરા મંદિર | શંખેશ્વર |
| 2. | હઠીસિંગનાં જૈનદેરાસરો | અમદાવાદ |
| 3. | કુંભારિયાજી જૈન મંદિર | બનાસકાંઠા |

➡

| ક્રમ | ગુજરાતની વાવ | સ્થળ |
|---|---|---|
| 1. | અડાલજની વાવ | અમદાવાદ |
| 2. | રાણકી વાવ | પાટણ |
| 3. | હીરા ભાગોળ | ડભોઈ |

➡

| ક્રમ | ગુજરાતની ગુફાઓ | સ્થળ |
|---|---|---|
| 1. | બાવાપ્યારાની ગુફાઓ | જૂનાગઢ |
| 2. | ઉપરકોટાની ગુફાઓ | જૂનાગઢ |
| 3. | ખાખરા-કોડિયાની ગુફાઓ | જૂનાગઢ |

Liberty

39. લોથલ ભારતનું અગત્યનું બંદર હતું. - સમજાવો.

➡ લોથલ એ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલ છે.

➡ લોથલ, ધોળકા તાલુકામાં સાબરમતી અને ભોગાવો નદીઓના વચ્ચેના પ્રદેશમાં આવેલું છે.

➡ લોથલ ખંભાતના અખાતથી 18 કિમી દૂર છે.

➡ લોથલમાં માનવ-વસાહતના ત્રણ થર મળ્યા છે.

➡ નગરના પૂર્વ છેડે નીચાણવાળા ભાગમાં ભરતીના સમયે વહાણો લાંગરવા માટે મોટો ધક્કો બાંધવામાં આવ્યો હતો, જેથી લોથલ તે સમયનું ભારતનું વિશાળ બંદર હશે.

➡ ધક્કો ઉપરાંત વખારો, દુકાનો આયાત-નિકાસના પુરાવા દર્શાવે છે.

➡ લોથલ પ્રાચીન ભારતનું સમુદ્ર બંદર હશે, જે બાબત ગુજરાતને જ નહીં, ભારતીય ઇતિહાસને પણ ગૌરવ અપાવે છે.

40. નીચે આપેલા ચોરસ બોક્સમાં ભારતની પ્રસિદ્ધ વિદ્યાપીઠો (1) નાલંદા (2) તક્ષશિલા (3) વારાણસી અને (4) વલભી વિદ્યાપીઠ સાથે જોડાયેલ કેટલીક મહાન વ્યક્તિઓનાં નામ આપેલાં છે, જે અહીં આ નામ આડા-અવળાં મૂકેલાં છે. જેને વિદ્યાપીઠ મુજબ સાચાં ગોઠવીને ફરીથી લખો.

→ મહાવીર સ્વામી → ભગવાન બુદ્ધ → કુમાર ગુપ્ત
→ વ્યાકરણશાસ્ત્રી પાણિનિ → ચંદ્રગુપ્ત મૌર્ય → આચાર્ય ગુણમતિ
→ આદિશંકરાચાર્ય → ચીની પ્રવાસી ઇત્સિંગ → ચીની પ્રવાસી યુઅન શ્વાંગ
→ આચાર્ય સ્થિરમતિ → ચૈતન્ય મહાપ્રભુ → રાજનીતિજ્ઞ કૌટિલ્ય

➡ નાલંદા વિદ્યાપીઠ
- મહાવીર સ્વામી
- કુમારગુપ્ત
- ચીની મુસાફર યુઅન-સ્વાંગ

વારાણસી વિદ્યાપીઠ
- ભગવાન બુદ્ધ
- આદિશંકરાચાર્ય
- ચૈતન્ય મહાપ્રભુ

તક્ષશિલા વિદ્યાપીઠ
- રાજનીતિજ્ઞ કૌટિલ્ય
- વ્યાકરણશાસ્ત્રી પાણિનિ
- ચંદ્રગુપ્ત મૌર્ય

વલભી વિદ્યાપીઠ
- આચાર્ય સ્થિરમતિ
- આચાર્ય ગુણમતિ
- ચીની પ્રવાસી ઇત્સિંગ

41. જમીનધોવાણ એટલે શું ? જમીન ધોવાણ અટકાવવાના ઉપાયો જણાવો.

➡ જમીનધોવાણનો અર્થ :

➠ જમીનધોવણ એટલે જમીનના કણોનું ગતિશીલ હવા કે પાણી દ્વારા એક સ્થળેથી બીજા સ્થળે દૂર સુધી સ્થળાંતરિત થવું.

➠ જમીનના ઉપલા કણોનું ઝડપથી કુદરતી બળો દ્વારા અન્યત્ર સ્થળાંતર થઈ જવું.

➡ જમીનધોવાણ અટકાવવાના ઉપાયો :

➠ જમીન પર પશુચરાણ પ્રવૃત્તિઓ નિયંત્રિત કરવી.

➠ ઢાળવાળી જમીનોમાં સમોચ્ચરેખીય પગથિયાંની તરાહથી વાવેતર કરવું.

➠ પડતર જમીનમાં વૃક્ષોનું વાવેતર કરવું.

➠ પાણીના વહેળા પડતા હોય ત્યાં આડબંધ બનાવવા.

➠ ઢાળવાળા ખેતરમાં ઊંડી ખેડ કરી વહેતાં પાણીનો વેગ ધીમો પાડવો.

42. સંસાધન એટલે શું ? તેના ઉપયોગ વિશે સમજૂતી આપો.

➡ કોઈ પણ વસ્તુ માનવ જરૂરિયાતો પૂરી કરવા ઉપયોગમાં લેવાય તે સંસાધન કહેવાય છે.

➡ કુદરતનાં હજારો તત્ત્વોનો માનવી તેના વિશિષ્ટ જ્ઞાન-કૌશલ્યથી પોતાની શારીરિક કે બૌદ્ધિક ક્ષમતા થકી જરૂરિયાતો પૂરી કરવા ઉપયોગમાં લે તેને સંસાધન કહેવાય છે.

➡ સંસાધનોનો મુખ્ય ઉપયોગ – ખોરાક તરીકે, કાચા માલના સ્રોત તરીકે, શક્તિ સંસાધનો તરીકે કરવામાં આવે છે.

43. ખાનગીકરણના લાભો જણાવો.

➡ ખાનગીકરણની નીતિના કારણે થયેલા લાભ નીચે મુજબ છે :

(1) દેશમાં ઉદ્યોગક્ષેત્રે ઉત્પાદકીય એકમોની સંખ્યામાં વધારો નોંધાયો છે.

(2) મૂડીગત અને વપરાશી વસ્તુઓના ઉત્પાદનમાં વધારો થયો છે.

(3) જાહેર ક્ષેત્રમાં એકમોનું ખાનગીકરણ થવાથી જાહેર ક્ષેત્રનાં એકમોની કાર્યક્ષમતામાં સુધારો થયો છે.

44. ISI, FPO, MPO અને HACCP આ ચાર માર્કાનાં પૂરાં નામ લખી, આ માર્કાનો ઉપયોગ કઈ વસ્તુઓ માટે થાય છે ?

➡ ISI :

➠ ISIનું પૂરું નામ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિટ્યૂટ છે.

➠ યોગ્ય ગુણવત્તા ધરાવતાં ઉત્પાદકીય ઉપકરણો પર ISI માર્કાનો ઉપયોગ થાય છે.

➡ FPO :

➠ FPOનું પૂરું નામ Food Product Order છે

➠ FPO માર્કો જામ, ફ્રૂટ, જ્યુસ, કેન કે ટિનમાં પેક કરેલાં ફળો અને શાકભાજીના ઉત્પાદક વસ્તુ પર લગાવવામાં આવે છે.

➡ MPO :

➠ MPOનું પૂરું નામ Meat Processing Optimiser છે.

➠ MPO માર્કો માંસ-મટનની પેદાશો અને તેમાંથી બનેલ બનાવટોને અપાય છે.

eLiberty

➡ HACCP :

- HACCPનું પૂરું નામ હેન્ડાર્ડ એનાલીસીસ એન્ડ ક્રિટિકલ કંટ્રોલ પોઇન્ટ છે.
- HACCP માર્કો પ્રક્રિયા દ્વારા તૈયાર કરેલાં ખોરાકનાં ઉત્પાદનોને BIS દ્વારા અપાય છે.

45. ‘‘કાળું નાણું એ ભાવવધારાનું એક કારણ છે’’. - સમજાવો.

➡ હિસાબી ચોપડે નહિ નોંધાયેલ અને જે આવકને છુપાવી તેના પર કરવેરો ચૂકવ્યો નથી તેવી બિનહિસાબી આવકને કાળું નાણું કહે છે.

➡ આવું કાળું નાણું ધરાવનાર લોકો આવકવેરા કે સર્વિસ ટેક્સ હેઠળ પકડાઈ જવાના ડરથી નાણાંનો સંગ્રહ કરવાને બદલે ઝડપથી વહેલામાં વહેલી તકે વાપરી કાઢવાનું વલણ ધરાવે છે અને બિનજરૂરી વસ્તુઓ ખરીદે છે.

➡ આમ, તમામ પ્રકારે કાળુંનાણું ભાવવધારાનું પોષક અને કારણ છે.

46. ભારતમાં સ્ત્રી-પુરુષોની અસમાનતાનાં કારણો જણાવો.

➡ ભારતનું બંધારણ તમામ નાગરિકોને સમાનતા અને ન્યાયની બાંયધરી આપે છે. 2011ની વસ્તીગણતરી મુજબ ભારતમાં પુરુષો 51.54% અને સ્ત્રીઓ 48.46% છે.

➡ વિશ્વના કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસનો આધાર માનવ સંસાધન તરીકે સ્ત્રીઓની ભૂમિકા અગ્રગણ્ય છે.

➡ સ્ત્રી અને પુરુષની જૈવિક ભિન્નતાને કારણે સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં ભેદભાવ જોવા મળે છે. જેમ કે –

➡ મહિલાઓ ઘરકામ, બાળઉછેર કે રસોઈ બનાવે તેનો કોઈ હિસ્સો આર્થિક ઉપાર્જન કે રાષ્ટ્રીય આવકમાં ગણાતો નથી.

➡ પ્રારંભકાળથી સ્ત્રીઓને આરોગ્યની અપૂરતી દેખભાળ તેમજ શિક્ષણ અને આર્થિક અધિકારોથી વંચિત રાખવામાં આવી છે.

➡ આજે દીકરા-દીકરીનાં કપડાંમાં, રમતમાં, અભ્યાસમાં, ખોરાકમાં, હરવા-ફરવામાં, આચાર-વિચારમાં અને વ્યવહારમાં દીકરીને જૂઠી શિખામણ – આમ અનેક રીતે ભેદભાવ જોવા મળે છે.

➡ મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું હોવાથી સ્ત્રીઓ બાળલગ્ન, પડદાપ્રથા, દહેજપ્રથા અને વિવિધ કુરિવાજોનો ભોગ બને છે.

➡ સમાજમાં ભ્રૂણહત્યા, નીચો આદરભાવ, પુત્રજન્મને પ્રાધાન્ય, સામાજિક અસમાનતા અને જાતીય ભેદભાવને લીધે સ્ત્રીઓએ જ અન્યાયનો ભોગ બનવું પડે છે.

➡ આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે તક અને નિર્ણયપ્રક્રિયામાં અસમાનતા જોવા મળે છે.

➡ ભારતના મોટા ભાગનાં રાજ્યોમાં ઉચ્ચ પદ, ઊંચી આવક, વધુ લાભ, વધુ વેતન મળે તેવા ઉદ્યોગો અને નોકરીઓમાં પુરુષોનું વર્ચસ્વ છે.

➡ આજે પણ મહિલા સાંસદોનું પ્રમાણ 12.2 % જ છે. ઉપરાંત વિધાનસભા, વરિષ્ઠ અધિકારીઓ, મેનેજરો, કંપનીઓના ડિરેક્ટરો, વ્યાવસાયિક અને ટેક્નિકલ ક્ષેત્રે મહિલાઓનું ઓછું પ્રમાણ તથા સ્ત્રી-પુરુષો વચ્ચે સ્પષ્ટ ભેદભાવ જોવા મળે છે.

## વિભાગ D

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૪ ગુણ)**

47. પ્રાચીન ભારતમાં વિજ્ઞાનવિષયક ગ્રંથોનું નિર્માણ થયું છે. સમજાવો.

➡ પ્રાચીન ભારતમાં જુદા જુદા વિજ્ઞાનવિષયક ગ્રંથોની રચના થઈ છે. જેમ કે,

➡ બ્રાભ્રવ્ય પાંચાલે ‘પ્રજનનશાસ્ત્ર’ની રચના કરી છે.

➡ ચક્રપાણિદત્તે ‘ચિકિત્સાસંગ્રહ’ની રચના કરી છે.

➡ મહામુનિ પરાશરે ‘વૃક્ષ આયુર્વેદ’ શાસ્ત્રની રચના કરી છે.

➡ વાત્સાયાયને ‘કામસૂત્ર’ કામશાસ્ત્રનો ગ્રંથ રચ્યો છે.

➡ મહામુનિ પતંજલિએ ‘યોગશાસ્ત્ર’ની રચના કરી છે.

➡ શકમુનિએ ‘કાલગણના’ શાસ્ત્રની રચના કરી છે.

➡ મહર્ષિ ભારદ્વાજે ‘યંત્ર સર્વસ્વ’ની રચના કરી છે.

48. પ્રાચીન ભારતનું ધાતુવિદ્યામાં પ્રદાન જણાવો.

➡ પ્રાચીનકાળથી જ ભારતના લોકો ધાતુવિદ્યાનો વ્યાવહારિક જીવનમાં ઉપયોગ કરતા હતા.

➡ પ્રાચીન ભારતે ધાતુવિદ્યામાં અદ્વિતીય સિદ્ધિઓ હાંસલ કરી હતી.

➡ સિંધુકાલીન સંસ્કૃતિમાંથી મળી આવેલી ધાતુની નર્તકીની પ્રતિમા.

➡ તક્ષશિલામાંથી પ્રાપ્ત થયેલી કૃષાણ રાજવીના સમયની ભગવાન બુદ્ધની પ્રતિમાઓ.

➡ ચોલ રાજવીના સમયમાં તૈયાર થયેલાં અનેક ધાતુશિલ્પો.

➡ ચેન્નઈના સંગ્રહાલયમાં સચવાયેલું નટરાજ અને ધનુર્ધારી શ્રીરામનું શિલ્પ.

➡ મહાદેવ નટરાજનું શિલ્પ એ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત નાદન્ત નૃત્યકલાનો શ્રેષ્ઠ નમૂનો છે.

e Liberty

➡ આ ઉપરાંત દેવ-દેવીઓની કલાત્મક પ્રતિમા, પશુ-પક્ષીઓ અને સોપારી કાપવાની સૂડી વગેરેને ઉદાહરણ તરીકે ગણાવી શકાય.

➡ ભારતમાં ધાતુશિલ્પો બનાવવાની પરંપરા દસમી-અગિયારમી સદીમાં વધુ વિકસી હતી.

49. નીચે કૃષિના બે પાકોનાં ચિત્રો દર્શાવેલ છે. તે પાકને ઓળખી પાકનું નામ જણાવો અને નીચેના મુદ્દા આધારિત માહિતી આપો. (તાપમાન, વરસાદ, જમીનની અનુકૂળતા, ઉત્પાદક રાજ્યો)

➡ (1) ચા

- ચા એ ઉષ્ણ અને સમશીતોષ્ણ કટિબંધીય પીણાંનો પાક છે.
- ચીન પછી ભારત ચા ઉત્પાદનમાં બીજા ક્રમે છે.
- જમીન : પાણી વહી જાય તેવા ઢોળાવવાળી લોહતત્ત્વયુક્ત જમીન અનુકૂળ રહે છે.
- તાપમાન : 20°-30° સે તાપમાન અનુકૂળ રહે છે.
- વરસાદ : 200 સેમીથી વધુ વરસાદ ઝાંપટાં સ્વરૂપે જરૂરી છે.
- ઉત્પાદક રાજ્યો : અસમ, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ તમિલનાડુ અને કર્ણાટકમાં વધુ થાય છે.
- વિશેષ નોંધ : વિશ્વમાં ચીન પછી ભારત ઉત્પાદનમાં બીજા ક્રમે.
- અસમ, બંગાળમાં – દેશની 75% ચાનું ઉત્પાદન.

➡ (2) કોફી

- કોફીના પાક પર સૂર્યનાં કિરણો સીધાં ન પડે તેવી રીતે મોટા વૃક્ષની છાયામાં અને પહાડી ઢોળાવમાં થતો પીણાંનો પાક છે.
- જમીન : પર્વતીય ઢોળાવવાળી જમીન અનુકૂળ રહે છે.
- તાપમાન : 15°-28° સે તાપમાન અનુકૂળ રહે છે.
- વરસાદ : 150-200 સેમી વરસાદ જરૂરી છે.
- ઉત્પાદક રાજ્યો : કર્ણાટક, કેરલ, તમિલનાડુમાં ઉત્પાદન વધુ થાય છે. કર્ણાટકનો 'કૂર્ગ' પ્રદેશ કોફી ઉત્પાદનમાં જાણીતો છે.
- વિશેષ નોંધ : મોટા ઝાડની છાયામાં ઉછેર થાય છે.
- કર્ણાટકનો 'કૂર્ગ' પ્રદેશ જાણીતો
- પીણા તરીકે કોફીનો ઉપયોગ

50. તફાવત આપો : ખરીફ પાક અને રવી પાક

➡

| ખરીફ પાક | રવી પાક |
|---|---|
| ચોમાસામાં લેવામાં આવતા પાકને ખરીફ પાક કહે છે. | શિયાળામાં લેવામાં આવતા પાકને રવી પાક કહે છે. |
| ખરીફ પાકનો સમયગાળો જૂન-જુલાઈથી ઓક્ટોબર-નવેમ્બરનો સુધીનો હોય છે. | પાકનો સમય ઓક્ટોબર-નવેમ્બરથી માર્ચ-એપ્રિલ સુધીનો હોય છે. |
| ડાંગર, મકાઈ, જુવાર, બાજરી, કપાસ, મગફળી અને મગ-મઠ વગેરે ખરીફ પાક છે. | ઘઉં, ચણા, અળસી, જવ, સરસવ, રાયડો મુખ્ય રવી પાકો છે. |

51. બેરોજગારી ઘટાડવાના પ્રયાસરૂપે સરકારી યોજના અને કાર્યક્રમો સવિસ્તાર સમજાવો.

➡ બેરોજગારીની સમસ્યા એ આપણા આયોજનની એક સૌથી નબળી કડી છે. બેરોજગારી ઘટાડવા સરકારે હાથ ધરેલા ઉપાયો નીચે મુજબ છે :

(1) ભારતમાં આર્થિક વૃદ્ધિદરનો વાર્ષિક 10% નો લક્ષ્યાંક રાખીને ઝડપી વિકાસનાં સર્વગ્રાહી પગલાં ભરવાં. ખાનગી અને જાહેર ક્ષેત્રે મૂડીરોકાણનું પ્રમાણ વધારવું. જેથી રોજગારીની તકોમાં વધારો થાય. સરકારે રોજગારી વધારવા માટે અનેક યોજના દ્વારા આર્થિક સહાય, શિક્ષણ, તાલીમનાં કેન્દ્રો શરૂ કર્યાં છે.

(2) શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ પર આધારિત વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતાં એકમો, નાના અને લઘુ ઉદ્યોગો, ગ્રામોદ્યોગ, હાથશાળ અને હસ્તકલા કારીગરીને લગતા હજાર ઉદ્યોગોનો વિકાસ હાથ ધરવો જોઈએ.

(3) ગ્રામીણ ક્ષેત્રે ખેતી સિવાયના સમયની બેરોજગારી ઘટાડવા માટે ખેતરોમાં એકથી વધુ વખત પાક લઈ શકાય એવી પદ્ધતિ વિકસાવવી. નવી જમીન ખેડાણ હેઠળ લાવવી, પ્રત્યેક ખેતરને પાણી અને વીજળીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ.

- ખેતીને સંલગ્ન મરઘાં-બતકાં, મધમાખી-ઉછેર, પશુપાલન, વનીકરણ, ડેરીઉદ્યોગ જેવી પ્રવૃત્તિઓનો વિકાસ કરવો.

(4) ગ્રામીણ ક્ષેત્રે રોજગારીની તકો વધારવી જેથી શહેરો તરફનું સ્થળાંતર ઘટાડી શકાય. તે માટે કૃષિક્ષેત્રે બાગાયતી ખેતી, સેન્દ્રિય ખાતર, સૂકી ખેતી અને બહુલક્ષી પાક-પદ્ધતિને પ્રોત્સાહન આપવું.

(5) ગ્રામીણ ક્ષેત્રે માનવ વિકાસને ટકાવી રાખવા માટે તેમના આરોગ્ય, શિક્ષણ, પીવાનુ ચોખ્ખું પાણી, પૌષ્ટિક આહાર, વીજળી, રસ્તાઓ, બેન્કિંગ,

Liberty

વીમો, ઇન્ટરનેટ, સંદેશાવ્યવહાર, મોજશોખની સવલતો વધારીને તથા સાર્વજનિક સ્થાયી મિલકતોનું નિર્માણ કરીને લોકોના જીવનમાં ગુણાત્મક અને પરિમાણાત્મક સુધારો લાવવાનો મુખ્ય હેતુ રહ્યો છે.

(6) શિક્ષિત અને યુવા બેરોજગારીમાં ઘટાડો કરવા કૌશલ્યનો વિકાસ કરવો અને રોજગારીને અનુરૂપ શિક્ષણ આપી કુશળ કારીગરો ઊભા થાય તેવી વ્યાવસાયિક કે તક્નિકી શિક્ષણ-પદ્ધતિ અપનાવવી જોઈએ.

(7) ભારત સરકારના શ્રમમંત્રાલય અને રાજ્ય સરકારે યુવા રોજગારોને ઔદ્યોગિક વિકાસની સાથે તેમનામાં જ્ઞાન, સમજણ, ઉત્સાહ અને કાર્યક્ષમતા વધે તે માટે તાલીમ અને પ્રશિક્ષણ દ્વારા કૌશલ્ય વિકાસના અનેક કાર્યક્રમો અમલમાં મૂક્યા છે. જેવાં કે 'મેઇક-ઇન ઇન્ડિયા', 'સ્કીલ ઇન્ડિયા', 'ડિજિટલ ઈન્ડિયા.'

- હાલમાં દરેક રાજ્યોમાં એક IIT અને IIM જેવી ઉચ્ચ સંસ્થાઓ સ્થાપવામાં આવી રહી છે.

(8) શ્રમશક્તિના આયોજન થકી બેરોજગારીમાં ઘટાડો થઈ શકે છે. આજે રોજગારીનાં નવાં ક્ષેત્રો ખૂલ્યાં છે. જેમાં કમ્પ્યૂટર ટેક્નોલોજી, ઇન્ફર્મેશન ટેક્નોલોજી, ફાર્મક્ષેત્ર, બિઝનેસ મેનેજમેન્ટ, ધંધાકીય વ્યવસ્થાપન, પેકિંગ અને પ્રોસેસિંગ, આઉટ સોર્સિંગ, માર્કેટિંગ, કેટરિંગ મેનેજમેન્ટ વગેરે નવીન ક્ષેત્રોમાં રોજગારીની વિપુલ તકો રહેલી છે.

- રોજગારીને અનુરૂપ તથા સ્થાનિક જરૂરિયાતને પૂરક નવા અભ્યાસક્રમો, પાઠ્યક્રમો અને શિક્ષણ, પ્રશિક્ષણ તથા તાલીમી સંસ્થાઓમાં ઝડપથી નવીનીકરણીય પ્રક્રિયા હાથ ધરવી જોઈએ.
- ટૂંકા ગાળાના ડિપ્લોમા કે સર્ટિફિકેટ પ્રકારના પ્રત્યક્ષ તાલીમી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.
- નવા ઉદ્યોગ-ધંધા શરૂ કરવા માટે ઉદ્યોગ સાહસિકોને 'સ્ટાર્ટ-અપ ઇન્ડિયા' અન્વયે સસ્તી લોન સહાય પૂરી પાડવાના પણ પ્રયત્નો થયા છે.

(9) ઉદ્યોગ સંબંધિત વિકાસ કરી નવી રોજગારીની તકોનું સર્જન થાય તે માટે નવા વ્યાપાર-ઉદ્યોગોની શરૂઆત થાય તે આવશ્યક છે. સરકાર દ્વારા ઓછા મૂડીરોકાણથી, યંત્રો, કાચોમાલ કે ઓફિસ ફર્નિચર ખરીદવા માટે ઓછા વ્યાજના દરે ધિરાણની સવલતો, વેચાણ માટેની સહાયતા જેવી અનેક યોજનાઓ દ્વારા સ્વરોજગારીને પ્રોત્સાહન આપવાના અનેક પગલાં ભર્યાં છે.

(10) રોજગાર વિનિમય કેન્દ્રો, રોજગારી શોધતી વ્યક્તિઓ, શ્રમિકો, કામદારો કે શિક્ષિત કુશળ, અર્ધકુશળ, યુવાનોને કામ આપવા માગતા માલિકો સાથે જોડવાનું કડીરૂપ કાર્ય કરે છે. આ સંસ્થા રોજગાર, કારકિર્દી જેવાં મેગેઝિન અને સામયિકો દ્વારા રોજગારીની પૂરતી માહિતી પૂરી પાડે છે.

- મોડેલ કેરિયર સેન્ટર અને હેલ્પલાઇન નંબર 1800-425-1514 દ્વારા લોકોને માહિતી-માર્ગદર્શન પૂરાં પાડે છે. ભારતમાં ડિસેમ્બર સુધીમાં દેશમાં 947 રોજગાર વિનિમય કેન્દ્રો હતાં.

52. ગરીબી ઘટાડવાના મુખ્ય સરકારી ઉપાયોની સમજૂતી આપો.

- સરકાર દ્વારા ગરીબી નિર્મૂલન કરવાના ઉપાયોને વ્યૂહાત્મક રીતે સફળ બનાવવા માટે ગરીબીરેખા નીચે જીવતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારના લોકોને સીધી અસર થાય તે રીતે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સીધો જ આર્થિક લાભ ગરીબ વર્ગોને મળે તેવા હેતુથી તથા રોજગારીની તકો પૂરી પાડીને આવક-વૃદ્ધિ દ્વારા ગરીબી નિવારણના કાર્યક્રમોને અમલમાં મૂકવામાં આવ્યા છે.
- ગરીબી ઘટાડવાના મુખ્ય સરકારી ઉપાયો, કાર્યક્રમો અને યોજનાઓ નીચે મુજબ છે :

(1) કૃષિવિકાસ સંબંધિત કાર્યક્રમો :

- કૃષિક્ષેત્રે સિંચાઈ, સડક, પાકસંરક્ષણ, સેન્દ્રિય ખેતી અને ખેતપેદાશોનું વેચાણ જેવાં ક્ષેત્રોમાં વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે, જે થકી ગરીબોની સ્થિતિ સુધરે તે મુખ્ય હેતુ છે.
- (A) પ્રધાનમંત્રી કૃષિસિંચાઈ યોજના :
  - સિંચાઈની સગવડોમાં વધારો કરવા અનેક પગલાં લેવામાં આવ્યાં છે.
- (B) પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના :
  - કુદરતી આફતોથી પાકને થતા નુકસાન સામે ખેડૂતોને આર્થિક ટેકો પૂરો પાડે છે.
- (C) રાષ્ટ્રીય પેયજળ કાર્યક્રમ :
  - પ્રત્યેક ખેતરને પાણી મળી રહે તે માટે કેનાલના માળખામાં સુધારો, નવા ટ્યૂબવેલ, તળાવોનું ખોદકામ જેવા કાર્યક્રમો અમલમાં મૂકીને ગરીબ કુટુંબોને ગરીબીમાંથી બહાર લાવવાનો પ્રયાસ થયો છે.
- (D) ખેતીને લાભકારક યોજનાઓ :
  - ખેડૂતોને નજીવા વ્યાજદરે બેન્ક દ્વારા ધિરાણ પૂરું પાડવામાં આવે છે.
  - ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવે છે.
- (E) ઇ-નામ્ યોજના :
  - ખેડૂતો માટે રાષ્ટ્રીય બજાર ઊભું કરવામાં આવ્યું છે, જેમાં ખેડૂતો પોતાના પાકને સૂચિબદ્ધ કરાવી શકે છે.

(2) ગ્રામોદયથી ભારત ઉદય :

- આ કાર્યક્રમ થકી તાર ફેન્સિંગમાં આર્થિક સહાય, કૃષિ-વિષયક સાધનો ખરીદવામાં સબસિડી, જમીન માટે નવી ટેસ્ટિંગ લેબોરેટરી સ્થાપવા, જળસંચયના કાર્યક્રમો હાથ ધરવા, ખેતી સિવાયના સમયમાં રોજગારી મળે તથા ગ્રામીણ ક્ષેત્રે કાયમી સંપત્તિનું નિર્માણ થાય તેવા કાર્યક્રમો અમલમાં મૂક્યા છે. જેથી

Liberty

ખેડૂતોને દેવામાંથી અને ગરીબીમાંથી ઉગારી શકાય.

(3) દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના :

➡ ગ્રામીણ ક્ષેત્રે 24 · 7 રાત-દિવસ સતત વીજળીનો પુરવઠો પૂરો પાડવો એ આ કાર્યક્રમનો હેતુ છે.

(4) વનબંધુ કલ્યાણ યોજના :

➡ આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે આ યોજના અન્વયે મહિલાઓને પશુપાલન માટે 'સંકલિત ડેરી વિકાસ રોજગારી યોજના' હેઠળ બાગાયતી ખેતી, પાકો માટે મંડપ બાંધવા સહાય, સજીવ ખેતી, પેકેજિંગની તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે.

(5) સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન :

➡ ખેડૂતોને તાલીમ-શિક્ષણની વ્યવસ્થા, ખેતસામગ્રીની ખરીદીમાં સહાય, ઓછા વ્યાજે ધિરાણ તથા પર્યાવરણની જાળવણી અને ખેતીખર્ચમાં ઘટાડો થાય એ આ યોજનાનો હેતુ છે.

(6) મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના :

➡ ગામડાંઓ એકબીજા સાથે સડક માર્ગથી તથા હાઈવેથી જોડાયેલાં રહે તે માટે ગ્રામપંચાયતોને સહાય આપવામાં આવે છે.

(7) 'મા-અન્નપૂર્ણા' યોજના :

➡ અંત્યોદય કે ગ્રામીણ કે શહેરી ગરીબ કુટુંબોને કુટુંબદીઠ પ્રતિમાસ 35 કિગ્રા અનાજ મફતમાં વિતરણ કરવામાં આવે છે. ઘઉં ₹ 2 પ્રતિકિલો અને ચોખા ₹ 3 પ્રતિકિલો આપવામાં આવે છે.

➡ ગુજરાતમાં 3.82 કરોડ જનતાને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

(8) સાંસદ આદર્શ ગ્રામ યોજના :

➡ સાંસદ દ્વારા પોતાના મતવિસ્તારમાંથી દત્તક લીધેલા ગામમાં અદ્યતન સુવિધાસભર 'આદર્શ ગામ'ની રચના દ્વારા સ્થળાંતર અટકાવવા અને સાર્વજનિક કાયમી મિલકતો ઊભી કરી સારા જીવનની તકોનું નિર્માણ કરવાનો પ્રયાસ છે.

(9) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના (મનરેગા) :

➡ ગ્રામ્ય વિસ્તારમાં શારીરિક શ્રમ કરી શકે તેવા બિનકુશળ હોય તેવા કુટુંબના એક સભ્યને સરકાર વર્ષમાં 100 દિવસની રોજગારી આપે છે. જો રોજગારી ન આપી શકે તો બેરોજગારી ભથ્થું આપવામાં આવે છે.

(10) મિશન મંગલમ્ :

➡ ગરીબીરેખા નીચે જીવતા પરિવારોની મહિલાઓને સખી મંડળ કે સ્વસહાય જૂથમાં જોડી કૌશલ્યવર્ધક તાલીમ આપી ગૃહઉદ્યોગના વિકાસ થકી રોજગારી પૂરી પાડી ગરીબી રેખાથી ઉપર લાવવાનો પ્રયાસ છે.

(11) દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજસહાય યોજના :

➡ રાજ્ય સરકાર હસ્તકલા અને હાથશાળના કુટિર ઉદ્યોગના કારીગરોને કાચામાલની ખરીદી માટે ઓછા વ્યાજની બેન્ક લોનની સુવિધા પૂરી પાડે છે.

(12) જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના :

➡ બેરોજગારોને ગ્રામીણ ક્ષેત્રે ઉદ્યોગ સ્થાપવા માટે આર્થિક સહાય, સબસિડી પૂરી પાડવામાં આવે છે.

➡ 'સ્ટાર્ટ-અપ ઇન્ડિયા'માં નવા આઇડિયા સાથે બેરોજગાર યુવાન ઉદ્યોગ સાહસિકોઓને તાલીમ, મફત વીજળી, જમીન અને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે.

(13) વાજપેયી બેન્કેબલ યોજના :

➡ દેશના 18 થી 35 વર્ષના બેરોજગારોને કે જેઓ ચોથું ધોરણ પાસ હોય તેને તાલીમ આપીને ઉદ્યોગ માટે કે વારસાગત કારીગરોને ધંધા માટે નિયત રકમનું ધિરાણ પૂરું પાડવાનો સ્વરોજગારીનો કાર્યક્રમ અમલમાં છે.

(14) એગ્રો બિઝનેસ પોલિસી 2016 :

➡ રાજ્ય સરકારે પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટની નિકાસમાં સહાય, એગ્રો ફૂડ પ્રોસેસિંગ યુનિટ સ્થાપીને 10 લાખ લોકોને રોજગારી પૂરી પાડવાની યોજના અમલમાં મૂકી છે.

53. બાળમજૂરી એટલે શું ? ભારતમાં બાળમજૂરી ક્યાં ક્ષેત્રોમાં જોવા મળે છે, તે જણાવી બાળમજૂરીનાં કારણો જણાવો.

➡ બાળમજૂર : 14 વર્ષથી ઓછી ઉંમરના શ્રમિકો બાળમજૂર કહેવાય છે.

➡ સ્વરૂપ : ભારતીય અર્થતંત્રમાં બધાં જ ક્ષેત્રોમાં બાળમજૂરી વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. જેમ કે, હોટેલો-ફેક્ટરીઓ, બાંધકામ કે જોખમી વ્યવસાયમાં, ફટાકડા કે ઈંટોના ભઠ્ઠામાં, ખેતી, પશુપાલન અને મત્સ્યઉછેર જેવી પ્રવૃત્તિમાં.

➡ સેવાક્ષેત્રો : ઘરનોકર, ચાની લારી-ગલ્લાઓ, હોટેલો કે ઢાબામાં, ગેરેજોમાં, લારી ખેંચવી, અખબાર વેચવા, પ્લાસ્ટિક કે ભંગાર વીણવા જેવાં કાર્યો ઉપરાંત ભીખ માંગવી કે સાફ-સફાઈનાં કાર્યો કરતાં બાળમજૂરો જોવા મળે છે.

➡ બાળમજૂરીનાં કારણો : બાળશ્રમિક એ શ્રમનું સસ્તામાં સસ્તું સાધન છે. પુખ્તવયના શ્રમિકો કરતાં બાળશ્રમિક પાસે ઓછાં વેતન કે પગારથી કામ કરાવી શકાય છે.

➡ બાળમજૂરો સંગઠનના અભાવે માલિકો વિરુદ્ધ અવાજ ઉઠાવી શકતા નથી કે વિરોધ કરી શકતા નથી. તેથી બાળશ્રમિકોને ખબર ન પડે તે રીતે સરળતાથી

Liberty

વિવિધ સ્વરૂપે શોષણ કરી શકાય છે.

- બાળકો પાસેથી કઠિન વ્યવસાયમાં પણ ઓછા વેતને અને નિર્ધારિત કામના કલાકોથી વધુ કામ લઈ શકાય છે.
- બાળકોને ડરાવી, ધમકાવી અને લોભ-લાલચ કે પ્રલોભન આપી વધુ કામ કરાવી શકાય છે. બાળશ્રમિકોની સંખ્યા વધુ છે. તેથી ખૂબ જ પ્રમાણમાં અને સરળતાથી મળી રહે છે.
- બાળકો ભણવાની ઉંમરે કુટુંબના સભ્યોની જરૂરિયાતોની પૂર્તિ કરવા, કમાવવાના વધુ બે હાથ સ્વરૂપે માતા-પિતા બાળકોને જુએ છે અને બાળમજૂરીએ ધકેલે છે.
- આમ, માલિકો કે શેઠિયાઓ પુખ્યવય કરતા બાળશ્રમિકોને કામે રાખવાનું વધુ પસંદ કરે છે. જોકે આવાં બાળકો સાચા અર્થમાં પોતાના બાળપણનો આનંદ માણી શકતાં નથી.

Liberty